**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૭૫ ટકા

# ખેલૈયાઓ સાથે ડ્રેસ ડિઝાઈનરો પણ તૈયાર




## ભાડે ડ્રેસની કિંમત રૂ. ૩૦૦ થી લઈ રૂ.૧૦૦૦ સુધી

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં નવરાત્રિની તૈયારીઓ ખેલૈયાઓ તો કરી જ રહ્યા છે સાથે સાથે શહેરના વિવિધ ટ્રેડીશનલ ડ્રેસ ડિઝાઈન કરતાં ડિઝાઈનરની તૈયારીનો અંત આવ્યો છે. વેચાણ અને ભાડેથી મળતા ટ્રેડિશનલ ડ્રેસમાં ગયા વર્ષ કરતા આ વર્ષે નવા ટ્રેન્ડ સાથે કેડિયુ અને ચણિયાચોળી ડિઝાઈન કરવામાં આવ્યા છે. જે ૧૫,૦૦૦ રૂપિયાથી શરુ કરી વર્ક મુજબ તથા ભાડે રૂ. ૩૦૦ થી લઈ ૧૦૦૦ રૂપિયા સુધીમાં અપાઈ રહી છે.

શહેરના છેલ્લા વીસેક વર્ષથી ડ્રેસ બનાવતા વૈશાલી ડાભીના જણાવ્યા મુજબ આ વર્ષે સિમ્પલ અને ટ્રેન્ડી ચણિયાચોળીનો ટ્રેન્ડ છે. સાથે હવે ફુમતાની જગ્યાએ મોતી વર્ક અમે કર્યું છે. ખાસ જેકો મોતી વર્ક ઓન ડિમાન્ડ છે. કેડીયાનો ટ્રેન્ડ કચ્છી, ગોલવાડી વર્ક સાથે જેકો મોતી વર્ક સાથે વધુ બનાવ્યા છે. તેમના સાથે બીજા વીસથી વધુ કારીગરો કામ કરે છે અને રોજગારી પણ મેળવે છે.

શહેરના જાણીતા ડ્રેસ ડિઝાઈનર જે પાછલા ઘણા વર્ષથી શહેરમાં ભાડે તથા વેચાણથી નવરાત્રિ નિમિત્તે ટ્રેડિશનલ ડ્રેસ આપે છે તો કાવ્યા ડ્રેસના બેલા કૃણાલ શાહ જણાવે છે કે, અમે દર વર્ષે નવરાત્રિ પછીના ત્રણ મહિનાનો બ્રેક લઈ નવરાત્રિની તૈયારી શરુ કરી દઈએ છીએ. આ વર્ષે બ્લેક કલરના ડ્રેસ અમે નવા જ બનાવ્યા છે. ખાસ ગજી સિલ્ક બ્લેક ફૂમતાને ગોટાની જગ્યાએ કલરફૂલ મોતી વર્ક અને ટીકા વર્ક વધુ કરીને ચણિયાચોળી અને કેડીયા તૈયાર કર્યા છે. ઓઢણીમાં પણ ફૂમતાની જગ્યાએ મોતી વર્ક જ કર્યું છે. ચણિયાચોળી વેચાણમાં ૧૫,૦૦૦ રૂપિયાથી શરુ થઈ જેવું વર્ક તે પ્રમાણે તથા ભાડે રૂ. ૩૦૦ થી ૧૦૦૦ રૂપિયામાં અપાય છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

- ડ્રીમગર્લ
૧૦.૩૦, ૧.૨૦, ૪.૧૦, ૭.૦૦, ૯.૫૦
- છીછોરે
૯.૪૦, ૧૨.૪૫, ૩.૫૦, ૬.૫૫, ૧૦.૦૦
- ધ ઝોયા ફેક્ટર
૧.૩૦, ૭.૨૦
- રેમ્બો : લાસ્ટ બ્લડ
૧૨.૧૦, ૮.૫૦
- પલ પલ દિલ કે પાસ
૯.૦૦, ૨.૩૦, ૫.૪૦, ૧૧.૧૦
- પ્રસ્થાનમ્
૧૦.૩૦, ૪.૨૦, ૧૦.૧૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

- ડ્રીમગર્લ
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦
- પ્રસ્થાનમ્
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૧૫
- ધ ઝોયા ફેક્ટર
૧.૪૦, ૪.૩૦, ૭.૨૦, ૧૦.૧૦
- પલ પલ દિલ કે પાસ
૯.૪૫, ૧૨.૫૦, ૭.૨૫, ૧૦.૩૦
- છીછોરે
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
- સાહો
૩.૫૫
- ચાસણી (ગુજરાતી)
૧.૦૦

## આજથી ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બે દિવસીય ઉદ્‌ગમ મ્યુઝિક ફેસ્ટિવલ

ગાંધીનગર, તા.૨૦

ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી તથા નીતિન ચેરીટેબલ ટ્રસ્ટ અમદાવાદના સહયોગથી બે દિવસીય ઉદ્‌ગમ મ્યુઝિક ફેસ્ટિવલ તા. ૨૧ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાશે.

તબલાની કળાને લોકપ્રિય બનાવનાર તબલા નવાઝ પદ્મશ્રી ઉસ્તાદ અલ્લારખાં સાહેબ ‘અબ્બાજી’ની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે બે દિવસીય ઉદ્‌ગમ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તબલા નવાઝ પદ્મશ્રી ઉસ્તાદ અલ્લારખાં સાહેબના સુપુત્ર ઉસ્તાદ ફઝલ કુરેશી તથા પૌત્ર અઝાન કુરેશી સાથે રવિ ચારી દ્વારા સિતારના માધ્યમથી કલાસીકલની સાથે ફયુઝન મ્યુઝિક પ્રસ્તુત કરવામાં આવશે તથા વારાણસીના સિધ્ધવીણા વાદક પંડિત સિધ્ધાર્થ બેનરજી સાથે સંગીતમાં વિશ્વના પ્રથમ મહિલા તબલાવાદક ઉસ્તાદ અલ્લારખાં અને ઉસ્તાદઝાકીર હુસેનના શિષ્યા અનુરાધા પાલ તથા ઉસ્તાદ અલ્લારખાં ઈન્સ્ટિટયુટ ઓફ મુંબઈના વિદ્યાર્થીઓ દ્વારા તેમની કલા દ્વારા શાસ્ત્રીય સંગીતના વિવિધ રાગ રાગિણીઓનું રસપાન કરાવવામાં આવશે. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોષી દ્વારા શહેરીજનોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. જે સંદર્ભે ધો-૧૦માં ૮૦ ટકા, ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ૭૫ ટકા તથા વિજ્ઞાન પ્રવાહમાં ૭૦ ટકા મેળવ્યા હોય તે વિદ્યાર્થીઓ તથા સમાજના તમામ સ્નાતકો, અનુસ્નાતકો, પીએચડી તથા કોઈ વિશિષ્ટ ડિગ્રી મેળવી હોય કે વિશિષ્ટ એવોર્ડ મેળવ્યો હોય તેમણે તથા ધો-૮ના બાળકોને મોટીવેશનલ પુસ્તક આપવાના હોવાથી તેમની યાદી, આ ઉપરાંત તા.૧ નવેમ્બર ૨૦૧૮થી ૩૧ ઓકટોબર ૨૦૧૯ સુધીમાં નિવૃત્ત થયેલ સરકારી, અર્ધ સરકારી કર્મચારી, અધિકારીઓ તેમજ નવ નિયુકત કર્મચારી અધિકારીઓની યાદી સાંસ્કૃતિક અધ્યક્ષ રમણભાઈ મગનભાઈ મેહરિયા, મહામંત્રી નટવરભાઈ મોઢવાડિયા, પ્રમુખ કનુભાઈ મેહરિયા તેમજ જે તે કારોબારી સભ્યોને મોકલી આપવા સંસ્થાના મંત્રી તથા પ્રમુખ દ્વારા જણાવાયું છે.

## સઈજમાંથી જુગાર રમતા ચાર જુગારી પોલીસના હાથે ઝડપાયા

ગાંધીનગર, તા.૨૦

સઈજ ખાતે આવેલા ધુળીયા મહાદેવના મંદિર પાસેથી જુગાર રમી રહેલા ચાર ઈસમોને ગાંધીનગર એલસીબી પોલીસે પકડી પાડ્યા છે. એલસીબી પીએસઆઈ ડી.એસ.રાઓલ પોતાની ટીમના સભ્યો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન કોન્સ્ટેબલ વિજયસિંહને બાતમી મળી હતી કે જેને પગલે પોલીસે રેઈડ પાડતા અયોધ્ધયાનગર નામના પરામાં આવેલા મંદિર પાસે જુગાર રમતા ભગુજી જેણાજી ઠાકોર, રાજેસ રઈજીજી ઠાકોર, વિષ્ણું કરશનજી ઠાકોર તેમજ ગોમતીપુરના ધવલ મનુભાઈ સોલંકીની ધરપકડ કરી હતી. પોલીસે આરોપી પાસેથી રૂ.૨૩,૫૦૦ રોકડ અને ૪ મોબાઈલ મળી કુલ રૂ.૨૭,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને તમામ સામે જુગારધારાનો કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સે-૧૩ સરકારી પ્રાથમિક શાળામાં તાલુકા કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો





ગાંધીનગર, તા.૨૦

સરકારી પ્રાથમિક શાળા સે-૧૩માં ડૉ. વિક્રમ સારાભાઈ ગણિત વિજ્ઞાન, પર્યાવરણ પ્રદર્શન ગાંધીનગર શહેર વિસ્તારમાં તાલુકા કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો હતો. જેમાં સરકારી શાળાઓની કુલ ૨૬ તથા ખાનગી શાળાની ૩૪ કૃતિઓ બાળકો દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી. વિભાગ-૧ થી ૫માં કુલ ૧૨૦ બાળકો તથા ૬૦ માર્ગદર્શક શિક્ષકો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં શહેર વિસ્તારના શાસનાધિકારી કિરણબેન પટેલ તમામ સીઆરી તથા આચાર્યશ્રીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમમાં ભોજનના દાતા અંબુજી પુંજાજી ગોલ તથા સી.આર.સી. દેવલબેન તરફથી શીલ્ડ આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં શાળાના આચાર્ય અરૂણાબેન નાયક, હિમાંશુભાઈ અને શાળા પરિવારના સભ્યોને વિશિષ્ટ ફાળો રહ્યો હતો.

## વાવોલ-પથિકાશ્રમના શટલિયા રીક્ષાના કરી દેવાયેલા બમણાં ભાડાથી નારાજગી

**સીએનજીના ભાવ વધારાથી ભાડા વધારો કરાયો હતો પરંતુ નવા આરટીઓ નિયમોને કારણે પોતાનું વાહન મુકીને રીક્ષા તરફ વળેલા મુસાફરોને ખબરના હોવાનો શટલિયા ચાલકોનો દાવો : સીટીબસના રૂટમાં વધારો કરવા મુસાફરોમાં માંગ**

ગાંધીનગર, તા.૨૦

રાજયભરમાં સુધારેલા મોટર વ્હિકલ અધિનિયમના અમલીકરણ સામે રોષ પ્રવર્તી રહ્યો છે અને વાહનચાલકો દ્વારા આરસીબુક, પીયુસી, વીમો જેવા અનેક દસ્તાવેજો ઉપરાંત હેલ્મેટ, સીટબેલ્ટ વગેરેની ઝંઝટમાં પડવાને બદલે પોતાનું વાહન ઘરે મુકીને પબ્લિક ટ્રાન્સપોર્ટના વાહનો જેવા કે એસટીબસ, સીટીબસ, ઓટો રીક્ષા વગેરે જેવા વાહન વ્યવહારનો ઉપયોગ કરવાનું પસંદ કરી રહ્યા છે ત્યારે ગાંધીનગર એસટી બસ ડેપો નજીકથી વાવોલના શટલિયા રીક્ષાચાલકો દ્વારા ભાડામાં વધારો કરી બમણું ભાડું કરી દેવામાં આવતા આ રૂટ પરના મુસાફરોમાં અસંતોષની લાગણી જોવા મળી રહી છે.

વાવોલ-પથિકાશ્રમ સર્કલના શટલિયા રીક્ષાચાલકો દ્વારા છેલ્લા કેટલાય સમયથી એક તરફનું ભાડું મુસાફર દીઠ પાંચ રૂપિયા લેવામાં આવતું હતું. આ ભાડું હવે વધારીને સીધું બમણું એટલે કે દસ રૂપિયા કરી દેવામાં આવ્યું છે. વાવોલ ગામ તથા તેની આસપાસના નવા વિકસેલા સોસાયટી વિસ્તારમાંથી સરકારી તથા ખાનગી નોકરિયાતો, વ્યવસાયિકો, વિદ્યાર્થીઓ વગેરે મોટી સંખ્યામાં અવરજવર કરે છે. વળી એસટી બસ ડેપો કે સિવિલ હોસ્પિટલ અથવા અમદાવાદ કે અન્ય કોઈ પણ બહારગામના સ્થળે જવા માટે પણ ઘ-૩ પથિકાશ્રમ સર્કલ સુધી આવવું પડે છે તેથી મુસાફરોની સતત અવરજવર રહે છે. મહાનગરપાલિકા દ્વારા ચલાવાતી સીટી બસ સેવા દ્વારા વાવોલને ખૂબ ઓછી ટ્રીપ ફાળવવામાં આવી છે તેની ફરિયાદો તો આ ગુડા વિસ્તારના રહીશોમાં પ્રવર્તી રહી છે જ, જેના કારણે પણ મુસાફરોને શટલિયા રીક્ષાનો સહારો લેવો પડી રહ્યો છે. આ કારણે શહેરના આ રૂટ પર સૌથી વધુ શટલિયા રીક્ષાઓ દોડતી જોવા મળે છે. શટલિયા રીક્ષાચાલકો દ્વારા ભાડામાં કરાયેલા બમણા વધારાથી મુસાફર જનતામાં નારાજગીનો સુર જોવા મળી રહ્યો છે. જો કે એક શટલિયા રીક્ષા ચાલકે નામ નહી લખવાની શરતે જણાવ્યું હતું કે, ‘આ ભાડા વધારો તો છેલ્લા એક માસ પૂર્વે જ સીએનજી ગેસના સતત વધતા જતા ભાવોને પગલે કરી દેવાયો હતો પરંતુ નવા આરટીઓ નિયમો લાગુ પડતા મુસાફરોની સંખ્યા વધી જવા પામી છે જેથી નવા મુસાફરોને ભાવવધારાની ખબર નહોતી.’

## સેકટર-૪ સી ખાતે સ્પીડ બ્રેકર મુકવા વસાહતીઓની ઉચ્ચકક્ષાએ રજુઆત

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૪ સી ખાતે આવેલા રીંગ રોડ પર સ્પીડ બ્રેકર મુકવા માટે સ્થાનિક વસાહતીઓએ મુખ્યમંત્રી સમક્ષ લેખિત રજુઆત કરી છે. સેકટરના આંતરીક માર્ગ પર સ્પીડ બ્રેકર ન હોવાથી વાહન ચાલકો બેફામ ગતિએ વાહનો હંકારતા હોય છે જેને પગલે નાના મોટા અકસ્માત પણ સર્જાય છે. તાજેતરમાં સાયકલ ચાલક વડીલને પાછળથી કારે ટક્કર મારતા સાયકલ ચાલકે જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. જયારે આ બનાવમાં હજુ સુધી કાર ચાલક પોલીસના હાથમાં આવ્યો નથી. ત્યારે આ સ્થળ પર અનેકવાર નાના મોટા અકસ્માતો સર્જાયા છે. રહેણાંક વિસ્તાર હોવાથી નાના બાળકો અને રાહદારીઓ આવન જાવન કરતા હોવાથી અકસ્માતનો ભોગ ન બને તે માટે તંત્ર દ્વારા સ્પીડ બ્રેકર મુકવા અત્યંત જરુરી બન્યા છે. સેકટરોના આંતરીક માર્ગો પર ધુમ સ્પીડે વાહનો હંકારતા ચાલકો સામે પણ તંત્રએ દંડનીય કાર્યવાહી કરવાની તાતિ જરુરીયાત ઉભી થવા પામી છે. જયારે સેકટર-૪ સી ખાતે સ્પીડ બ્રેકર મુકવા માટે વિવિધ વિભાગોમાં રજુઆત કરવા છતા આજદિન સુધી સ્પીડ બ્રેકર મુકવામાં આવ્યા નથી ત્યારે દિવસે ને દિવસે વધતા જતા અકસ્માતને પગલે વસાહતીઓએ મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી સ્પીડબ્રેકર મુકવા માંગ કરી છે.

## વડોદરા ગામેથી જુગાર રમતા ૬ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક આવેલા વડોદરા ગામે સગતમાતાના મંદિરની પાછળ આવેલી ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૬ જુગારીઓને પોલીસ દબોચી લીધા છે. ડભોડા પોલીસે રેઈડ પાડીને ગામના જ રોહિત મહોબતજી ઠાકોર, જગદીશ વિનુજી ઠાકોર, અર્જુન જુહાજી ઠાકોર, બાબુ ગોવિંદજી ઠાકોર, ઉદાજી પોપટજી ઠાકોર, અને મહેશ બાબુજી ઠાકોરને જુગાર રમતા રંગે હાથ પકડી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૧૧૭૦ રોકડા જપ્ત કરીને તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ‘ત્રિદલ’ સંસ્થાની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૦

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી ‘ત્રિદલ’ સંસ્થાની સપ્ટેમ્બર માસની બેઠક તા. ૨૨ સપ્ટેમ્બરના રોજ સાંજે ૫.૦૦ કલાકે ૭૯૦/૧, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે સે-૨૧ ખાતે યોજાશે. સૌ સભ્યો તથા ભાવકોને ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી દ્વારા જણાવાયું છે.

## ગાંધીમિત્ર વર્તુળની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીમિત્ર વર્તુળ ગાંધીનગરની સપ્ટેમ્બર માસની બેઠક તા. ૨૧ સપ્ટેમ્બરના રોજ સાંજે ૫.૦૦ કલાકે ગાંધીજન અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૬૨૮, વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર-૨૨ ખાતે યોજાશે. સૌ ગાંધીમિત્રો તથા ભાવકોને ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી દ્વારા જણાવાયું છે.

## સેકટર-૭-ડીનો ભુવો મોતના કુવા સમાન

ગાંધીનગર, તા.૨૦

સેકટર-૭-ડી બગીચા પાસે પ્લોટ નં. ૧૩૧૧ થી ૧૩૧૬ની નજીક ગટરની ચેમ્બર તુટી જતાં ૧૦ ફુટ જેટલો ઊંડો ખાડો-ભુવો પડેલ છે. ગટરના પાણીની અસહ્ય ગંદકી તથા વાસ મારે છે. જે રોગચાળો થવાની ભીતિ સેવે છે. આ ભુવો છેલ્લા ૧૫ દિવસથી પડેલ છે. આ વિસ્તારમાં તમામ વયસ્કો સિનીયર સીટીઝનો વસવાટ કરે છે. જેઓએ આ ભુવા પુરવા તે અંગે સંબંધિત કચેરી તથા કહેવાતા સામાજિક કાર્યકરો સમક્ષ આજીજી કરેલ છે પરંતુ કોઈ સાંભળતું નથી કે કાર્યવાહી થતી નથી તેમ સિનીયર સીટીઝન અગ્રણી વસાહતી ભકિતભાઈ કારીઆએ જણાવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. કોળી દેવમતી રામદેવ, ઉ.વ. ૭૫
- સ્વ. વાઘેલા જેઠાભાઈ રેવાભાઈ, ઉ.વ. ૬૨
- સ્વ. ઠાકોર પોપટજી રવિચંદજી, ઉ.વ. ૪૪

# મધ્યસ્થ ગ્રંથાલયમાં પીવાના પ્રદૂષિત પાણી અને અસ્વચ્છતાની ફરિયાદો ઉઠી

**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરતા ઉમેદવારોએ ગ્રંથપાલને લેખિત ફરિયાદ આપી : નવા ટોયલેટસ બ્લોકના નિર્માણ માટેની પ્રક્રિયા ટેન્ડરીંગના સ્ટેજમાં**

ગાંધીનગર, તા.૨૦

હવે ગાંધીનગર શિક્ષણ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ માટેનું હબ ગણાવા લાગ્યું છે. આ ઉપરાંત શહેરમાં સાહિત્ય સર્જન અને વાંચનની પ્રવૃત્તિ પણ સવિશેષ જોવા મળે છે. આ કારણે શહેરમાં વાંચન પ્રવૃત્તિ કરનારાઓની સંખ્યા ખુબ મોટા પ્રમાણમાં વધી જવા પામી છે અને સાહિત્યનું વાંચન હોય કે સ્પર્ધાત્મક પરીક્ષાઓ કે અન્ય શૈક્ષણિક પરીક્ષાઓની તૈયારીઓ માટે વિદ્યાર્થીઓનું વાંચન હોય, સૌની પસંદગીનું સ્થળ શહેરના મધ્યમાં સેકટર-૧૭ સ્થિત મધ્યસ્થ ગ્રંથાલય જ છે. જો કે છેલ્લા કેટલાક સમયથી મધ્યસ્થ ગ્રંથાલયમાં વિદ્યાર્થીઓ-ઉમેદવારો સહિતના વાચકો માટે પાયાની સુવિધાઓ જેવી કે પીવાનું પાણી, ટોયલેટ, લાઈટ-પંખા અને બેઠક વ્યવસ્થા વગેરે બાબતે વારંવાર ફરિયાદો અને અસંતોષનો સૂર ઉઠતો જોવા મળી રહ્યો છે. ફરી એકવાર આ લાયબ્રેરીમાં પીવાનું શુધ્ધ પાણી પુરું પાડતા આરઓ મશીનની મરામત તથા ટોયલેટ વગેરેની સ્વચ્છતા બાબતે ફરિયાદો ઉઠવા પામી છે.

છેલ્લા કેટલાક દિવસથી લાયબ્રેરીમાં આર.ઓ. મશીન યોગ્ય રીતે કામ ના કરતું હોવાની અને કચરાવાળું પાણી આવતું હોવાથી તે પીવા યોગ્ય ના હોવાની ફરિયાદ અહીં વાંચન પ્રવૃત્તિ માટે આવતા સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમદવારો દ્વારા કરવામાં આવી છે. આ બાબતે તેમણે ગ્રંથપાલને લેખિત ફરિયાદ આપવા સાથે તેમાં વાંચવા માટે બેસવાની અપૂરતી વ્યવસ્થા, લાઈટ પંખાની સગવડ સાથે ટોયલેટની સાફ સફાઈ અંગે બેદરકારી સાથે પ્રશ્નો ઉભા કરવામાં આવ્યા છે. અત્યારે ચોમાસાની ઋતુમાં પાણીજન્ય બિમારીઓનું વ્યાપક પ્રમાણ પ્રવર્તી રહ્યું હોવાની સ્થિતિમાં આરઓ મશીનમાંથી આવતું દૂષિત પાણી વાચકોના સ્વાસ્થ્ય





પર ગંભીર અસર કરી શકે છે. વળી, આ સાથે સાફ સફાઈમાં બેદરકારી અને અસ્વચ્છ ટોયલેટના કારણે રોગજન્ય જીવાણુઓ જેવા કે માખી મચ્છર વગેરેનો ઉપદ્રવ પણ રોગચાળાને નોંતરી શકે છે. ટોયલેટસની અસ્વચ્છતાને કારણે લાયબ્રેરીમાં દુર્ગંધભર્યું વાતાવરણ છવાયેલું રહે છે જેના કારણે આ વિદ્યાર્થીઓ-ઉમેદવારોના અભ્યાસ પર અસર કરે છે જેથી સત્વરે આ સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં આવે તેવી માંગ યુવાનો દ્વારા કરવામાં આવી છે.

મધ્યસ્થ ગ્રંથાલયના મદદનીશ ગ્રંથાલય નિયામક ડૉ. પંકજ ગોસ્વામીએ વિદ્યાર્થીઓ ઉમેદવારોની આ રજૂઆત બાબતે ગાંધીનગર સમાચારને જણાવ્યું હતું કે, ‘ગ્રંથાલયના નિર્માણ સમયે વાચકોની જે ક્ષમતાના અંદાજ સાથે પાયાની સુવિધાઓની વ્યવસ્થા કરવામાં આવી હતી તેના કરતા અત્યારે ખૂબ જ મોટી સંખ્યામાં વાચકો ગ્રંથાલયનો ઉપયોગ કરવા આવે છે, આમ છતાં અમે યોગ્ય વ્યવસ્થા કરવા પ્રયત્નશીલ છીએ. વળી, ગ્રંથાલયમાં નવા ટોયલેટ કોમ્પ્લેક્ષના નિર્માણનો પ્રસ્તાવ સરકારે મંજૂર કરી તે માટે પુરતી રકમની ફાળવણી પણ કરી દેવામાં આવી છે, જે માટેની ટેન્ડરીંગ પ્રક્રિયા કરવાની પ્રક્રિયા પણ ચાલુ જ છે તેથી ખૂબ ઝડપથી તે પૂર્ણ થતાં જ ટોયલેટસનું નવિનીકરણ હાથ ધરાશે. આરઓ પ્લાન્ટની સર્વિસ અને મરામત માટે પણ પ્રક્રિયા હાથ ધરી દેવામાં આવી છે તેથી નજીકના ભવિષ્યમાં આ તમામ સમસ્યાઓ દૂર થઈ જશે.’ જો કે સરકારી રાહે ચાલતી આ પ્રક્રિયા જયારે પાડ પડશે અને ત્યારે આ સમસ્યાઓ ઉકેલાશે પરંતુ ત્યાં સુધી વૈકલ્પિ વ્યવસ્થાના ભાગરૂપે ગ્રંથાલય દ્વારા મોબાઈલ ટોયલેટની માંગ પણ કરી દેવામાં આવી છે.